

# સંતભગવંત સાહેબજી સંગે બ્રહ્મજ્યોતિમાં ભક્તિભાવની દીપજ્યોતિ

**તપોભૂમિ** બ્રહ્મજ્યોતિ, મોગરી પર શ્રી ઠાકોરજી મહારાજ અને પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજીની દિવ્ય પ્રત્યક્ષ સંનિધિમાં ૩ નવેમ્બરથી ૯ નવેમ્બર દરમિયાન પ્રકાશપર્વો ભવ્યતાથી ઉજવાયાં. શુભ તિથિ અગિયારસ, ૩ નવેમ્બરના ગોરજ ટાણે પારમિતા મંદિરે શ્રી ઠાકોરજી મહારાજ સમક્ષ દિવાળી પર્વના શુભ આરંભ દીપપ્રાગટ્ય અને મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરીને થયા. સંતભગવંત સાહેબજી તથા સદ્‌ગુરુ સંતોએ પૂજાનાં પાન, શ્રી વહીઓ, નૂતન વર્ષનાં કેલેન્ડર, 'નીરાજન' પુસ્તિકા, શ્રી લક્ષ્મીજી-શ્રી સરસ્વતીજી-શ્રી ગણેશજી આદિનાં પૂજન-પુષ્પાર્પણ કરી પ્રાર્થનાઓ ધરી. 'બ્રહ્મજ્યોતિથી આતમ જ્યોતિ પ્રકાશિત થાય...' તેવા રૂડા આશીર્વાદ સંતભગવંત સાહેબજીએ વરસાવ્યા.

પ્રકાશપર્વોની વધામણીનો આનંદ સૌ કોઈના હૈયે હિલ્લોળા લેતો હતો. સંતોએ બ્રહ્મજ્યોતિના દિવ્ય પરિસરને રંગ અને રોશનીની દિવ્ય સજ્જાથી સજાવ્યું હતું. આ પર્વના શુભારંભે દેશ અને પરદેશથી ભક્ત મહેરામણ ઊમટ્યો. પારમિતા મંદિરે સવારે થતી નિત્ય મહાપૂજા અને સંતભગવંત સાહેબજી તથા સદ્‌ગુરુ સંતોના શ્રીમુખે 'અમારા જીવનની અધ્યાત્મયાત્રા' વિષય પર થતા પારાયણનો દિવ્ય લાભ ૪ નવેમ્બરથી શરૂ કરીને દરરોજ સૌએ ખૂબ માણ્યો. શ્રી લક્ષ્મીપૂજન, રંગોળી ઉત્સવ, શ્રી શારદાપૂજન, નૂતન વર્ષ મંગલમિલન સભા, અન્નકૂટ તથા ભાઈબીજ મંગલપર્વનાં સુંદર આયોજનો સાકાર કરવા સ્વયંસેવકો સંતોનાં માર્ગદર્શને અથાક સેવામાં લયલીન હતા અને હૈયે સંતભગવંત સાહેબજીને રાજી કરવાનો અનેરો ઉમંગ છલકાતો હતો.



બ્રહ્મજ્યોતિ પર પ્રકાશપર્વોના દીપપ્રાગટ્ય અને પ્રાર્થનાથી શુભારંભ



પ્રકાશપર્વના શુભારંભે સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા